**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૨૪૧૧/૨૦૨૪.**
(ફો. ઈન્કવાયરી નં.૬૮૩/૨૦૨૪)
**આંક–પ.**

**ફરિયાદી** :– સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર.

**: વિરૂધ્ધ :**

**આરોપી** :– ૧. **સિંહલ બ્રધર્સ – સંસ્થા,**
૨. **બાલકિશન લક્ષ્મીનારાયણ અગ્રવાલ – ભાગીદાર,**
બંને ઠેકાણું : રાણીપુર પાટીયા, કોઝી હોટલની સામે,
નારોલ, અમદાવાદ.

**ગુન્હો** :– **લઘુતમ વેતન ધારાની કલમ–૨૨ (એ) મુજબ.**
**આરોપી તરફે** :– **વિ. વ. શ્રી એચ. આર. રાવલ.**

**–: ચૂ કા દો :–**

**(૧)** હાલનો ફોજદારી કેસ જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ફરિયાદીએ ફરીયાદ રજૂ કરતા **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૨૩** મુજબ આરોપીને સાંભળવા માટે નોટીસ કરેલ અને પ્રાથમિક તબકકે આ કેસ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવામાં આવેલ. સામાવાળાએ હાજર થઈ કોઈ વાંધા આપવા માંગતા ન હોવાનું જણાવતાં અને ફોજદારી કેસ રજીસ્ટર તરીકે નોંધવા સામે વાંધો ન હોવાનું જણાવતાં આ કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવે છે.

**(૨)** આ કામના ફરિયાદી લઘુતમ વેતન ધારાની કલમ–૧૮ હેઠળ નિમાયેલ નિરીક્ષક છે અને તેઓ ધ્વારા આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા ધ્વારા **લઘુતમ વેતનના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧) અને ૨૧(૪)** હેઠળ ગુન્હો કરવામાં આવેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરિયાદ અદાલતમાં દાખલ કરેલ છે.

**(૩)** આરોપી વતી અધિકૃત પ્રતિનિધી આજરોજ હાજર થતાં, આરોપી વતી ગુનાની કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છિક

રીતે પોતાનો ગુનો કબૂલે છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહિ કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે. તેઓએ આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત આરોપી વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ, છતાં તેઓએ આરોપી વતી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૪) ઉપરોકત રજૂઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતા તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજૂઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવે તો ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું-૭૦૯** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુકમ ::-**

૧. સદર કામે આરોપીને **બી.એન.એસ.એસ. એકટની કલમ-૨૭૫** અન્વયે **લઘુતમ વેતનના નિયમ-૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧) અને ૨૧(૪) ના ભંગ બદલ કલમ-૨૨(એ)** હેઠળ તકસીરવાન ઠરાવીને **કુલ રૂ.૧૬,૦૦૦/- (અંકે રૂપિયા સોળ હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.** જો આરોપી દંડ ન ભરે તો **આરોપી નં.૨ ને એક માસની સાદી કેદની સજા** ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૧૪/૧૨/૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત નં.૧, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.